# લાલ કિલ્લા ખાતેથી વડાપ્રધાનના સંબોધન પર દેશની નજર



નવી દિલ્હી,તા. ૧૪ દેશમાં આવતીકાલે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. દેશના તમામ રાજ્યો ભવ્ય ઉજળણી કરવા માટેની તૈયારી કરી ચુક્યા છે. અભૂતૂપર્વ સુરક્ષા અને દેશભક્તિના માહોલમાં આવતીકાલે ઉજવણી કરવામાં આવનાર છે. આ વખતે સ્વતંત્રતા દિવસના પ્રસંગે વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીના પ્રથમ ઐતિહાસિક સંબોધનને લઇને લોકોમાં ભારે ઉત્સુકતા છે. મોદીને લાલ કિલ્લા પરથી સાંભળવા માટે તમામ તૈયારી કરી લેવામાં આવી છે. મોદીના ભાષણની તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. મોદી જ્યારે ભાષણ કરશે ત્યારે આશરે ૧૦૦૦૦ લોકો હાજર રહેશે. સ્વતંત્રતા દિવસને લઇને દિલ્હી પરિવહન નિગમ દ્વારા તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ડીટીસીએ નિર્ણય કર્યો છે કે ૧૫મી ઓગષ્ટે સવારે છ વાગ્યાથી સવારે ૧૦ વાગ્યા સુધી પોતાની બસ મફતમાં આપશે. આનો મતલબ એ થયો કે યાત્રી મફતમાં આ ગાળા દરમિયાન ફરી શકશે. મોગલ કાળના દરમિયાન બનેલા લાલ કિલ્લાની સામે આશરે ૧૦,૦૦૦ લોકોની બેસવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સ્વતંત્રતા દિવસના પ્રસંગે સામાન્ય લોકોને ખુલ્લી જગ્યાએ બેસાડવામાં આવે છે. તેમની બાજુમાં સ્કુલી બાળકો રહે છે. પુરતી તૈયારી કરવામાં આવી રહી છે. લોકોને લાવવા માટે લાલ કિલ્લાની આસપાસ બસની સેવા વધારવામાં આવશે. લોકોને સરળતાથી બસ મળે તેવી વ્યવસ્થા ગોઠવાવામાં આવી રહી છે. સ્વતંત્રતા દિવસે કાર્યક્રમમાં ભાગ લેવા માટે આવી રહેલા લોકોને પોતાની સાથે મોબાઇલ, કેમરા, દુરબીન, બેંગ, બ્રિફકેસ, સિગારેટ, લાઇટર, ટિફિન બોક્સ, પાણીની બોટલ, લંચ બોક્સ સાથે ન લાવવા માટે સુચના આપવામાં આવી છે. આ તમામ લોકોને કઠોર ચકાસણીમાંથી પસાર થવુ પડશે. ટુંકમાં પહેલાથી જ યોજાન તૈયાર કરી લેવામાં આવી છે. સ્વંતત્રતા દિવસે કોઇ અવ્યવસ્થા ન સર્જાય તેવા પગલા લેવામાં આવી રહ્યા છે. મોદીના ઐતિહાસિક સંબોધન પર ભારતીય લોકોની જ નહી બલ્કે વિશ્વની નજર રહેશે. મોદી આવતીકાલે તેમના સંબોધનમાં કઇ વાત કરે છે તોના પર નજર રહેશે. કેટલીક નવી યોજના દેશના લોકો માટે વડાપ્રધાન જાહેર કરી શકે છે. વડાપ્રધાન આવાસથી લઇને લાલ કિલ્લા સુધી સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. મોદીના ભાષણ દરમિયાન સુરક્ષામાં પ્રથમ વખત એમઆઇ-૧૭ હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવનાર છે. આ ઉપરાંત એન્ટી વાયુ સેના હિંડન એરબસ સ્વતંત્રતા દિવસે કોઇ ફણ ખતરાને પહોંચી વળવા માટે તૈયાર છે. ઐતિહાસિક લાલ કિલ્લા ખાતે મોદી ધ્વંજ લહેરાવશે અને દેશને સંબોધન કરશે. શાનદાર પરેડ પણ પણ યોજનાર છે. જેની છેલ્લી કેટલાક દિવસથી તૈયારી ચાલી રહી હતી.

## ‘સિધ્ધરાજ ઝોરી’ના આંગણે યોજાઈ અનોખી બિઝનેસ પ્રોપર્ટી ટુર



ગાંધીનગર, તા.૧૪ ગાંધીનગરમાં વધુ એક બિઝનેસ સેન્ટરનો અનોખી શૈલીમાં આરંભ થઈ રહ્યો છે. ગાંધીનગર-સરખેજ માર્ગ પર સરગાસણ ચોકડી પાસે મોખરાના સ્થાને આકાર પામેલ સિધ્ધરાજ ઝોરીના આંગણે ગુરૂવારની સાંજે લાગણીનો મેળો યોજાયો હતો. જેમાં સિધ્ધરાજ પરિવારના શ્રી ચેતનભાઈ પટેલે હોંશે હોંશે મિલ્કત ધારકોને આવકાર્યા હતા. સમગ્ર ઈમારતની ઝીણામાં ઝીણી માહિતીથી તમામ પ્રોપર્ટી ધારકોને અવગત કરવામાં આવ્યા હતા. સૌએ સાથે મળી એકમેક પરત્વે સંતોષ અને ગૌરવની લાગણીનું આદાનપ્રદાન કર્યું હતું.

ગાંધીનગરના ઈતિહાસમાં આવો અનોખો મેળાવડો પ્રથમ વખત જ



યોજાયો હતો.

ગાંધીનગર શહેરનીઆસપાસ નવા ગાંધીનગરનો સતત વિકાસ થઈ રહ્યો છે. ખાસ કરીને સરખેજ-ગાંધીનગર હાઈવે, કોબા-ગાંધીનગર હાઈવે અને ગીફટ સિટી તરફનો વિકાસ કૂદકે-ભૂસકે થઈ રહ્યો છે. ન્યુ ગાંધીનગરમાં મિલ્કત હોય તે હવે પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે. અદ્યતન સુવિધાઓ અને સુંદર મજાનું વાતાવરણ પુરું પાડતી અનેક આધુનિક રહેણાંક અને બિઝનેસ સ્કીમો અહીં આકાર પામી છે. ગાંધીનગરનું પ્રવેશદ્વાર ગણાય તેવા ખ-૦ સર્કલે જ હાલમાં જ આકાર પામેલું સિધ્ધરાજ ઝોરી બિઝનેસ સેન્ટર ગાંધીનગર ઉપરાંત અમદાવાદના કલાયન્ટસને પણ આકર્ષી રહ્યું છે. ગુરૂવારની સાંજે સિધ્ધરાજ ઝોરીના લોન્ચિંગ પ્રસંગે યોજાયેલો મેળાવડો સામાન્ય બિઝનેસ મેળાવડાથી તદ્દન અલગ જ તરી આવતો હતો. અહીંના પ્રોપર્ટી ધારકો અને પ્રોપર્ટી ખરીદવાની ઈચ્છા ધરાવનારાઓ તમામને સિધ્ધરાજ બિલ્ડર્સના ચેતનભાઈ પટેલે ઉમળકાભેર આવકાર્યા હતા. મિલકત ખરીદનાર તેમની પ્રોપર્ટી સાથે લાગણીસભર રીતે જોડાઈ શકે તે માટે સિધ્ધરાજ ઝોરીની ટીમે પ્રોપર્ટી ટુરનું આયોજન કરી આ બિઝનેસ સેન્ટરનું કન્સ્ટ્રકશન, ડીઝાઈનીંગ, ડેવલપીંગની ઝીણામાં ઝીણી વિગતો આગંતુકોને આપવામાં આવી હતી. સિધ્ધરાજ ઝોરીમાં મિલકત હોવી એટલે માત્ર એક પ્રોપર્ટી ખરીદવી કે પ્રોપર્ટીમાં રોકાણ કરવું એટલું જ નહી તેવું ગર્વ પણ હોવું જોઈએ આ હેતુથી યોજાયેલી ૨૦ થી ૨૫ મિનિટની ટુરમાં તમામ પ્રોપર્ટી ધારકો, આગંતુકો જોડાયા હતા અને આ બિઝનેસ સેન્ટરને તૈયાર કરવા માટે કેટલી મહેનત કરવામાં આવી છે, કેટલી કાળજી રાખવામાં આવી છે અને કયો નવો દ્દષ્ટિકોણ અપનાવાયો છે તેની વિગતો આપવામાં આવી હતી. સતત નવું કરવાની ટેવ ધરાવતા સિધ્ધરાજ પરિવારના ચેતનભાઈ પટેલની આ અનોખી શૈલી છે.

રેવન્યુ તલાટી 1300+ જગ્યાઓ
સંભવિત ઓગસ્ટ-2014
ડેટા ઓપરેટર (વર્ગ-3) 1200+ જગ્યાઓ
લાયકાત : ધોરણ ૧૨ પાસ
ગુજરાત સરકારમાં વર્ગ-3 ની 15000+ થી વધુની ભરતી !
(વર્ગ-3) માટે ખાસ બેચ
માસ્ટર કોર્ષ-2014
(4 માસનો અભ્યાસ ક્રમ)
♦ ગુજરાતી વ્યાકરણ/સાહિત્ય ♦ ગણિત ♦ બુદ્ધિ ચાતુર્ય કસોટી
♦ અંગ્રેજી વ્યાકરણ ♦ સામાન્ય જ્ઞાન ♦ કોમ્પ્યુર ને લગતા પ્રશ્નો
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
2000 થી 2014 સુધીના તમામ પેપરોનું સોલ્યુશન
દર અઠવાડિયે ટેસ્ટ દ્વારા સફળ પરીક્ષણ

ગાંધીનગર

| | | |
|---|---|---|
| 08.08.2014 | બપોરના 12-45 થી 2-15 | સોમ થી શુક્ર |
| 22.08.2014 | બપોરના 4-15 થી 5-45 | સોમ થી શુક્ર |
| 05.09.2014 | સવારના 8-45 થી 11-45 | શનિ / રવિ |
| 19.09.2014 | બપોરના 12-00 થી 3-00 | શનિ / રવિ |

મહેસાણા

| બેચ શરૂ તા. | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 09.08.2014 | બપોરના 12-15 થી 1-45 | રવિ થી ગુરૂ |
| 28.08.2014 | બપોરના 2-00 થી 3-30 | રવિ થી ગુરૂ |

ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)
1994થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (સવારના 9.30 થી 5.00 સુધી)
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) મહેસાણા 9537614607
પેથાપુરમાં એડમિશન માટે ગાંધીનગર શાખામાં મળવું.



ગુજરાત સરકાર
GSDMA
આકાશીય વીજળી વિશે જાણીએ
જીવન સુરક્ષિત બનાવીએ
જ્યારે તમે ઘરની અંદર હોવ ત્યારે શું કરવું ?
વીજળીથી ચાલતાં ઉપકરણોથી દૂર રહો, તારથી ચાલતા ફોનનો ઉપયોગ ના કરશો.
બારી, બારણાં, ઓસરી અને છતથી દૂર રહો.
વીજળીના વાહક બને તેવી કોઈપણ ચીજવસ્તુથી દૂર રહો, ધાતુથી બનેલા પાઈપ, નળ, ફૂવારો, વોશબેશીન વિગેરેના સંપર્કથી દૂર રહો.
જ્યારે તમે ઘરની બહાર હોવ ત્યારે શું કરવું ?
ઊંચા વૃક્ષો વીજળીને આકર્ષે છે, જેથી તેનો આશરો લેવાનું ટાળો. આસપાસ ઊંચા માળખા ધરાવતા વિસ્તારમાં આશ્રય લેવાનું ટાળો અને ટોળામાં રહેવાને બદલે છૂટાછવાયા વિખરાઈ જાઓ.
મકાનો આશ્રય માટે ઉત્તમ ગણાય. મુસાફરી કરતા હોવ તો તમારા વાહનમાં જ રહો. મજબૂત છતવાળા વાહનમાં રહો.
ધાતુની વસ્તુનો બહાર ઉપયોગ ન કરો. ધાતુની વસ્તુઓ જેવી કે બાઈક, ઈલેક્ટ્રીક કે ટેલિફોનના થાંભલા, તારની વાડ, મશીનરી વિગેરેથી દૂર રહો.
પુલ, તળાવો અને જળાશયોથી દૂર રહો, પાણીમાં હોવ તો બહાર આવી જાઓ
તમારા માથાના વાળ ઊભા થઈ જાય, ચામડીમાં ઝણઝણાટ થાય ત્યારે તાત્કાલિક નીચા નમીને કાન ઢાંકી દેવા, કારણ કે તમારી આસપાસ વીજળી ત્રાટકવા ઉપર છે તેમ સમજવું અને જમીન પર સૂવું નહીં અથવા તો જમીન પર હાથ ટેકવા નહીં
આકાશીય વીજળીનો ઝટકો લાગે ત્યારે શું કરવું ?
વીજળીનો આંચકો લાગેલી વ્યક્તિને જરૂર જણાય તો સીપીઆર (કાર્ડિયો પલમોનરી રેસોસીટેશન) એટલે કે કૃત્રિમ શ્વાસોશ્વાસ આપવો જોઈએ. તાત્કાલિક પ્રાથમિક તબીબી સારવાર આપવી.
તબીબી, આગ અને પોલીસ સંબંધિત તાકિદની પરિસ્થિતિમાં ફોન નં.૧૦૮નો સંપર્ક કરવા માટે તમારા કુટુંબના સભ્યોને માહિતગાર રાખો.
આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)*
જિલ્લા કંટ્રોલરૂમ - ૧૦૭૭
રાજ્ય કંટ્રોલરૂમ - ૧૦૭૦
* મોબાઈલ થી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રીકટ કોડ જોડવો
GSDMA, ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં પ્રકાશિત